# જાહેર નોટીસ

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ટ્રસ્ટીઓ, ગવર્નીંગ બોડીના સભ્યો, કાઉન્સીલના સભ્યો અને સોસાયટીના પ્રમુખ અને ઉપપ્રમુખની ત્રિવાર્ષિક ચૂંટણી માટેની જાહેર નોટીસ તા. ૨૩/૦૪/૨૦૨૫ ના રોજ સંદેશ તથા ગુજરાત સમાચાર ન્યુઝપેપરમાં આપેલ છે તથા દરેક સભ્યશ્રીઓને તા. ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ સ્પીડ પોસ્ટથી મોકલી આપી છે.

૧. ઉપર જણાવેલ જાહેર નોટીસમાં સોસાયટીના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ રાખવામાં આવેલી હતી. અને તેજ દિવસે સભ્યોની ખાસ સામાન્ય સભા પણ બોલાવવાની હતી. ચૂંટણીના કાર્યક્રમ મુજબ ચૂંટણી માટે ઉમેદવારોનું આખરી લીસ્ટ તા. ૨૭/૦૫/૨૦૨૫ ના રોજ સોસાયટીના નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. આખરી લીસ્ટ જોતાં આ વર્ષે જેટલી જગાઓની ચૂંટણી કરવાની થતી હતી તેટલાજ ઉમેદવારોએ ફોર્મ્સ ભરેલ છે, તેથી ચૂંટણીની પ્રક્રિયા કરવાની રહેતી નથી, અને બધાજ ઉમેદવારો બિન હરીફ ચૂંટાઈ આવે છે.

૨. ઉપરની વિગતે હવે તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ, પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી માટે ઉભા રહેલા ઉમેદવારો પણ બિન હરીફ ચૂંટાઈ આવતા હોઈ, ચૂંટણીની પ્રક્રિયા કરવાની થતી નથી અને ફક્ત ચૂંટણીના પરિણામો જાહેર કરવાના રહે છે. આથી તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ સોસાયટીના સભ્યોની ખાસ સામાન્ય સભા જે બોલાવવાની હતી તેના બદલે હવે, બંધારણ મુજબની વાર્ષિક સામાન્ય સભામાં ચૂંટણીના પરિણામો જાહેર કરવામાં આવશે. સોસાયટીના મેમોરેન્ડમ ઓફ એસોસીએશન અને રૂલ્સ એન્ડ રેગ્યુલેશનના નિયમ-૪ મુજબ પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી સભ્યોની સામાન્ય સભામાં પણ થઈ શકે છે.

3. આથી હવે સોસાયટીના સભ્યોની એક સામાન્ય સભા તા. ૧૨/૦૬/૨૦૨૫ ના રોજ (ખાસ સામાન્ય સભાને બદલે) બોલાવવાનું નકકી કરવામાં આવેલ છે અને તેનો એજન્ડા આ સાથે મોકલવામાં આવેલ છે. આથી દરેક સભ્યશ્રીએ તા. ૧૨/૦૬/૨૦૨૫ ની બેઠકમાં હાજર રહેવા વિનંતી છે.

સ્થળ : અમદાવાદ

તા. ૩૦/૦૫/૨૦૨૫

ઓનરરી સેક્રેટરી

# THE AHMEDABAD EDUCTION SOCIETY

UNIVERSITY ROAD, NAVRANGPURA,
AHMEDABAD – 380 009.

## NOTICE OF MEETING

Notice is hereby given that the General Meeting of the members of the Ahmedabad Education Society ("the Society") will be held on Thursday, 12th June, 2025 at 10.00 a.m. at Ahmedabad University, Room No.-100, 1st Floor, University Centre (Entry from Gate No. 12), Commerce Six Roads, Navrangpura, Ahmedabad-380009, to transact the following business.

You are requested to make it convenient to attend the meeting.

## AGENDA

1. To declare the results of election of the President, Vice President, Trustees and members of the Governing Body and Council of the Society.
2. To approve the budget of the Society and its institutions for the year 2025-26.
3. Any other matter that may be placed before the meeting with the permission of the Chair.

Place: Ahmedabad.
Date: 30/05/2025

Naishadh I. Parikh
Hon. Secretary

---

**નોંધ :-**

(૧) પેઢી કે કંપની તરફથી હાજર રહેનાર પ્રતિનિધિએ પેઢી કે કંપની તરફથી લખાણ/ઠરાવ રજુ કરવાનો રહેશે તથા પ્રતિનિધિએ તેમનું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે.

(૨) વ્યકિતગત સભ્યે પોતે પોતાનું ઓળખપત્ર રજુ કરવાનું રહેશે. સભ્ય વતી બીજી કોઈ વ્યકિતને સામાન્ય સભામાં દાખલ થવા દેવામાં આવશે નહિ.